# પાલજ ગામે નાગણેશ્વરી માતાના મંદિરે ચોરી કરતા બે ઝડપાયા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આવેલા પાલજ ગામે નાગણેશ્વરી માતાજીનું મંદિર આવેલું છે. આ મંદિરમાં બુધવારના રોજ દિવસ દરમિયાન ચોરી કરતા બે શખ્સો રંગેહાથ ઝડપાઈ ગયા છે. મંદિરમાં માતાજીના ૬ નંગ છત્તર ચોરી કરતા શખ્સો પુજારી તરીકે સેવા આપતા યુવાનની સતર્કતાથી પકડાઈ ગયા છે. ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ આદરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પાલજ ગામે આવેલા નાગણેશ્વરી માતાજીના મંદિર ખાતે સવારના સાડા દસ વાગ્યાના અરસામાં બે શખ્સો દર્શન માટે આવ્યા હતા. બંન્ને શખ્સોની હિલચાલ શંકાસ્પદ લાગતા અને લાંબા સમય સુધી મંદિરની બહાર ન આવતા મંદિરમાં પુજારી તરીકે સેવા આપતા પાલજ ગામના યુવાન કિરણ બળદેવજી ઠાકોર ઉંવ-૨૯ મંદિરમાં જઈને જોયું તો બંન્ને શખ્સો માતાજીના છત્તર ખિસ્સામાં મુકી રહ્યા હતા.

જેથી પુજારીએ બંન્ને ચોરી કરતા રંગેહાથ પકડી લીધા હતા. આ સમયે મંદિરમાં દર્શન કરવા આવેલા અન્ય ભકતો પણ પુજારીની મદદમાં આવી ગયા હતા. ચોરીની જાણ થતા મોટીસંખ્યામાં ગ્રામજનો મંદિર ખાતે એકઠા થઈ ગયા હતા. નાગરીકોએ બંન્નેના ખિસ્સા ચેક કરતા નાના-મોટા માતાજીના ૬ નંગ છત્તર મળી આવ્યા હતા. જેની કિંમત અંદાજીત રૂ.૮૫ હજાર થવા જાય છે. ચોરી કરનાર શખ્સો માં બાપુનગરનો અતુલ પ્રવિણભાઈ સોની તેમજ ભુપત જીવરાજભાઈ પટેલ હોવાનું સામે આવ્યું હતું. આથી ગ્રામજનોએ આ બંન્ને શખ્સોને ચિલોડા પોલીસને હવાલે કરી દીધા હતા. પોલીસે પુજારીની ફરીયાદને પગલે ચોરી કરનાર શખ્સો સામે ગુનોં નોંધી કાયેદસરની કાર્યવાહી શરુ કરી છે.



ગાંધીનગરના પાલજ ખાતેની આઈઆઈટી કોલેજમાં 'પ્રાચીન ભારતમાં જસતનું ઉત્પાદન' અને 'પ્રાચીન ભારતમાં લોખંડ તથા સ્ટીલની બનાવટ' વિષયે ત્રણ નિષ્ણાંતોના વક્તવ્યોનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉદેપુરની જેઆરએન રાજસ્થાન વિદ્યાપીઠના પુરાતત્વ વિભાગના વિભાગીય વડા પ્રો. ડૉ. જે.એસ. ખડકવાલ, આઈઆઈટી-જીના આર્કિયોલોજીકલ સાયન્સ સેન્ટરના પોસ્ટ ડૉક્ટરોલ ફેલો ડૉ. ઓઈશી રૉય તથા આઈઆઈટી-કાનપુરના મેટસર્જીકલ એન્જિનીયરીંગ ડિપાર્ટમેન્ટના વડા પ્રો. એસ.પી. મલ્હોત્રાએ તેમના વક્તવ્યો આપ્યા હતા.

# નાગરીક પુરવઠા નિગમની ઓફિસમાં નિવૃત કર્મચારીના પ્રવેશ પ્રતિબંધ સામે કર્મચારી ઉત્કર્ષ મંડળ દ્વારા અગ્ર સચિવને રજુઆત

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ લિમિટેડના દ્વારા નિવૃત કર્મચારી-અધિકારીઓને પોતાના પ્રાણ પ્રશ્નોની રજુઆત માટે વડી કચેરી ખાતે અવાર નવાર જવુ પડે છે. જેથી નિગમના કોઈપણ જાતના નિતિ નિયમો તેમજ સરકારની કોઈપણ જાતની સુચના વિના તાજેતરમાં ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ લિમિટેડના પર્સોનલ મેનેજર દ્વારા નિવૃત કર્મચારી-અધિકારીઓને વડી કચેરી ખાતે રીશેપ્શન ટેબલથી આગળ પ્રવેશ આપવો નહી તેવો પરિપત્ર ગત તા.૩૦-૩-૧૯ ના રોજ બહાર પાડવામાં આવ્યો હતો. જેમાં જણાવ્યું હતુ કે દર સોમવારના રોજ માત્ર ૩ થી ૪ કલાક દરમિયાન ટેલીફોનથી પોતાના પ્રશ્નોની રજુઆત કરી શકશે. તેમજ નિગમની જિલ્લા કચેરી ખાતે મર્યાદીત માનવબળ કાર્યરત છે. તેમજ નિવૃત કર્મચારીઓ વિવિધ શાખાની મુલાકાત લે છે જેને પગલે કામગીરીમાં વિક્ષેપ પડે છે. જેને પગલે નિવૃત કર્મચારી-અધિકારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. જેથી ગુજરાત રાજય નાગરીક પુરવઠા નિગમ લિ.કર્મચારી ઉત્કર્ષ મંડળના કન્વીનર એ.વી.સોલંકી દ્વારા નિગમના આ પ્રકારના પરિપત્રને સખત શબ્દોમાં વખોડી કાઢે છે અને આ અંગે વિરોધ વ્યકત કરે છે. આ અંગે ઉત્કર્ષ મંડળના હોદેદારો દ્વારા બુધવારના રોજ અગ્ર સચિવ સાથે મુલાકાત કરી આ અંગે રૂબરૂ રજુઆત કરી ચર્ચા વિચારણા કરી હતી.

### ધરતીકંપ વિસ્તારમાં મર્યાદિત કડિયાકામ ધરાવતા

# બાંધકામની ટેકનોલોજી અંગે આઈઆઈટીજી ખાતે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી-આઈઆઈટીજી ખાતે આજે ધરતીકંપની વધુ શક્યતા ધરાવતા વિસ્તારો માટે મર્યાદિત કડિયાકામ કરેલા મકાનોના નિર્માણ અંગે સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં નવી દિલ્હીની બિલ્ડીંગ મટીરિયલ્સ એન્ડ ટેકનોલોજી પ્રોમોશન કાઉન્સિલ-બીએમટીપીસીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડૉ. શૈલેષ અગ્રવાલ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યાં હતા.

ડૉ. શૈલેષ અગ્રવાલે આ સેમિનારમાં જણાવ્યું હતું કે 'ભારતના ગ્રામ્ય શહેરી વિસ્તારોમાં થઈ રહેલું ઝડપી પરિવર્તન વિશ્વમાં અન્ય કોઈ સ્થળે જોવા મળતુ નથી. આ ક્ષેત્રે સરકાર પણ સુરક્ષા તથા ગુણવત્તા બાબતે બાંધછોડ કર્યા વગર ઉપયોગમાં લેવામાં આવતી વિવિધ ટેકનોલોજીને વેગ આપવા પ્રયત્નશીલ છે. ઝડપથી વિકાસકાર્યો કરી શકે.' પ્રો. અગ્રવાલે આ પ્રસંગે વિદ્યાર્થીઓને સ્કીલ, સ્પીડ અને સ્કેલ સહિતનો થ્રી-એસનો મંત્ર આપ્યો હતો. આ સેમિનારમાં ઉપસ્થિત આઈઆઈટી-જીના પ્રવાસી પ્રાધ્યાપક તથા કેનેડાની બ્રિટીશ કોલમ્બિયા યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડૉ. શ્વેતલાના બઝર્વે પણ ધરતીકંપની તીવ્રતાને આધારે અપનાવવા જેવી મર્યાદિત કડિયાકામની ટેકનોલોજી અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે આઈઆઈટીજીતના ડાયરેક્ટર પ્રો. સુધિર જૈન સહિત અને નિષ્ણાંતો ઉપસ્થિત રહ્યા હતા.

# એક કરોડ ૮૪ લાખનો મિલ્કતવેરો મનપામાં ભરાયો

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં તા. ૩-૪-૨૦૧૯ થી ૩૧-૫-૨૦૧૯ સુધી મિલકતવેરાના ૧૦ ટકા લેખે વળતરની યોજના હાલમાં ચાલુ છે. તા ૩-૪-૨૦૧૯થી તા. ૧૦-૪-૨૦૧૯ સુધી કુલ રૂપિયા ૧.૮૪ કરોડ જેટલી વસુલાત મળેલ છે. જેમાં ઓનલાઈન દ્વારા રુપિયા ૨૨.૫૭ લાખ મળેલ છે. જે કરદાતા ઓનલાઈન મિલકતવેરાની ચુકવણી કરશે તેઓને ૨ ટકા વધારાનુ વળતર જે (ઓછામાં ઓછુ રૂપિયા ૨૦ અને વધુમાં વધુ રૂપિયા ૫૦૦)ની મર્યાદામાં મળવાપાત્ર થશે. આ ઉપરાંત મિલકતમાં જો મહિલા માલિક હશે તો અત્રેની કચેરીમાં માલિકીના પુરાવા સાથે અરજી કર્યેથી ૫ ટકા વધારાનુ વળતર મળવાપાત્ર થશે. ગાંધીનગર મહાનગરપાલિકાના સીટી સિવીક સેન્ટર (૧) બહુમાળી ભવન, સેકટર-૧૧ (૨) વ્હિકલપુલ, સેકટર-૨૨ (૩) બગીચા પાસે, સેકટર-૨૭ ખાતે સવારે ૯.૩૦ કલાકથી બપોરના ૪ કલાક સુધી ભરી શકાશે. આ ઉપરાંત આઈસીઆઈસીઆઈની શાખાઓ (૧) સેકટર-૧૬ (૨) ઈન્ફોસીટીમાં સવારે ૧૦ કલાકથી ૪ સુધી ભરી શકાશે. મિલકતવેરાનુ બીલ ભરવા આવો ત્યારે જુના વર્ષની મિલકતવેરા બીલ કે વેરો ભર્યાની પહોંચ સાથે લાવવી જરૂરી છે.

## બાપુ ઈન્સ્ટિટ્યુટ ઓફ નર્સિંગે વિશ્વ આરોગ્ય દિવસ ઉજવ્યો

બાપુ ગુજરાત નોલેજ વિલેજની સંલગ્ન સંસ્થા બાપુ ઈન્સ્ટિટ્યુટ ઓફ નર્સિંગ દ્વારા વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણી સિવિલ હોસ્પિટલ ખાતે કરી હતી. આ કાર્યક્રમ એ.એન.એમ. ફર્સ્ટ અને સેકન્ડ વર્ષના વિદ્યાર્થીઓ અને ડબલ્યુ.એચ.ઓ.ની 'યુનિવર્સલ હેલ્થ એવરી વન એવરી વેર'ની થીમને ધ્યાનમાં રાખી રોલ પ્લેની પ્રવૃતિ દ્વારા સગર્ભા માતાઓની સમસ્યા, રસીકરણનું મહત્વ તથા તરૂણ-તરૂણીઓના આરોગ્યની સમસ્યા અને તેના નિરાકરણની બાબતો વિશે સમજ આપી હતી. આ કાર્યક્રમમાં આરએમઓ ડૉ. અલ્પેશ જસપરા, જાગૃતિબેન પટેલ, નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ તથા બાપુ ઈન્સ્ટિટ્યુટ ઓફ નર્સિંગના પ્રિન્સીપાલ પ્રો. જ્યોત્સનાબેન પંડ્યા હાજર રહ્યા હતા.

## છાલામાં ધો. ૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો

ગાંધીનગર તાલુકાની આદર્શ કન્યા શાળાના ધો. ૮ના વિદ્યાર્થીઓનો વિદાય શુભેચ્છા સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે નિવૃત આચાર્ય કોદરભાઈ પટેલ, અતિથિ વિશેષ તરીકે શીવાભાઈ ચૌધરી, આચાર્ય માતાપુરા, છાલા સ્કૂલના વ્યાયામ શિક્ષક દિપકભાઈ શુકલ, કલાર્ક કરમશીભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. કન્યા શાળાના આચાર્ય સુરેશભારતીએ વિદ્યાર્થીઓને આર્શીવચનો પાઠવી શુભેચ્છાઓ પાઠવી હતી. દિપકભાઈ શુકલે વિદ્યાર્થીઓને પોતાની ભાવિ કારકિર્દી ઉજ્જવળ બને તેવી શુભકામના પાઠવી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ કોદરભાઈ સાહેબે શાખા પરિવારને સફળ કાર્યક્રમ બનાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. વિદાય લેતા વિદ્યાર્થીઓએ યાદગીરીરૂપે માતાજીનું મંદિર ભેટ આપી ઋણ અદા કર્યુ હતુ.



# ૩ વર્ષથી નાસતા ફરતા આરોપીને એસઓજી પોલીસે પકડી પાડ્યો

ગાંધીનગર એસઓજી ટીમના પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે.આર.કરોતરા, વી.એમ.ઝાલા,ની રાહબરી હેઠળ એ.એસ.આઈ. જયંતિભાઈ, અપોકો. સુરેન્દ્રસિંહ, વિજયસિંહ, જયદિપસિંહ, જયરાજસિંહ, સહિતના સભ્યો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન ખાનગી રાહે બામતી મળી કે અડાલજ પોલીસ મથકમાં પ્રોહીબિશનના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતો ફરતો આરોપી દિલિપ છગનલાલ કલાલ ઉં.વ.-૨૬ રહે.બિલપન પટેલ વાડા પોસ્ટ-ગડમાલા, તા.બીચ્છુવાડા, જી.ડુંગરપુર રાજસ્થાનવાળાને ઝુંડાલ સર્કલ પાસેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી અડાલજ પોલીસને સોંપેલ છે.

### દક્ષિણ ગાંધીનગર મત વિસ્તારમાં ભાજપના

# હસમુખભાઈ પટેલ દ્વારા ચૂંટણી પ્રચાર રાઉન્ડમાં ઉત્સાહનો માહોલ

### ચિલોડા પ્રમુખ ઈલાઈટ ખાતે ભાજપ દ્વારા કાર્યાલય ખુલ્લુ મુકાયું

ચિલોડા, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ૭ અમદાવાદ પૂર્વ લોકસભાની બેઠકમાં સમાવિષ્ટ-૩૫ મતવિસ્તારના ભાજપના હોદેદારોમાં ધારાસભ્ય શંભુજી ઠાકોર, આઈ.બી. વાઘેલા, શોભનાબા વાઘેલા, હસમુખભાઈ હતુ. ગામના મુખ્ય આગેવાનો રમણભાઈ પટેલ, રામભાઈ પટેલ વગેરે વડીલોએ ફુલહારથી સ્વાગત કરી આવકાર આપ્યો હતો.



દક્ષિણ ગાંધીનગર વિધાનસભા મતવિસ્તારમાં ભાજપના સંસદીય મતવિસ્તારના ઉમેદવાર હસમુખભાઈ એસ. પટેલની ઉપસ્થિતિમાં નાના ચિલોડા, વલાદ, શાહપુર, ડભોડા, વડોદરા-ઈસનપુર મોટા, ધણપ, છાલા, સાદરા, દોલારાણા વાસણા, દશેલા, શિહોલી મોટી, ચિલોડા તેમજ પ્રાંતિયા જેવા ગામોમાં ભાજપના સક્રિય કાર્યકરો હોદેદારો સહિત પ્રચાર કાર્યનો શુભારંભ કર્યો હતો. આ કાર્યક્રમમાં દક્ષિણ વિધાનસભા વકીલ, વિષ્ણુભાઈ પટેલ વકીલ, એસ.પી. ઠાકોર, નથ્થુભાઈ ચૌધરી, રમેશભાઈ પટેલ, કોદરભાઈ પટેલ, જૈમિન પટેલ, સંજય ઠાકોર, રમેશભાઈ પટેલ લિંબડીયા દિનેશભાઈ પટેલ, ચિલોડા ગામના સરપંચ વસુમતીબેન પટેલ, જશુભાઈ પટેલ વગેરે અનેક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ચિલોડા ગામના મુખ્ય ચોકમાં ભાજપના ઉમેદવાર હસમુખભાઈ પટેલનું ગામની બાળાઓએ કુમકુમ તિલક અને પુષ્પકળીથી સ્વાગત કર્યુ ત્યારબાદ દહેગામ રોડ પર આવેલ પ્રમુખઈલાઈટ ખાતે ભાજપના મુખ્ય કાર્યાલયનું ઉદ્‌ઘાટન ભાજપના ઉમેદવાર હસમુખભાઈ પટેલના હસ્તે રીબીન કાપી દીપ પ્રાગટ્ય દ્વારા શુભારંભ કર્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાજપના હોદ્દેદારો, કાર્યકરો હાજર રહ્યા હતા. આ પ્રસંગે ભાજપના ઉમેદવારે પ્રાસંગિક પ્રવચનમાં દરેક મતદારો પોતાનો મતનું મહત્વ સમજી તા. ૨૩મી એપ્રિલ મતદાન અવશ્ય કરવા અનુરોધ કર્યો હતો.

# ભાટ ટોલટેક્ષ પાસે આઈસરની ટક્કરે લોડીંગ રીક્ષા પલટી : એકનું મૃત્યુ

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલા એપોલો સર્કલથી ભાટ ટોલટેક્ષ તરફ જતી લોડીંગ રીક્ષા આઈસરની ટક્કરે પલટી ગઈ હતી. આ અકસ્માતમાં રીક્ષા ચાલકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ જવાયો હતો પરંતુ સારવાર દરમિયાન રીક્ષા ચાલકનું મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ અમદાવાદના અમરાઈવાડી વિસ્તારમાં વ્યોશ બંગલાની ચાલી ખાતે રહેતા રમાકાંત અજમેરસિંગ શર્મા મંગળવારે પોતાની લોડીંગ રીક્ષામાં અમદાવાદથી છત્રાલ ગયા હતા.છત્રાલથી પરત ફરતી વખતે સાંજના સુમારે તે એપોલો સર્કલથી ટોલટેક્ષ તરફ રીક્ષા જઈ રહી હતી તે દરમિયાન અચાનક આઈસર ટ્રક નં. જી.જે.૨૭.યુ.-૬૪૯૪ ના ચાલકે ગફલતભરી રીતે હંકારતા ટક્કર મારી હતી.આઈસરની ટક્કરથી રીક્ષા પલ્ટી ગઈ હતી. જેથી રીક્ષા ચાલકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.આ અકસ્માત સમયે રીક્ષામાં મહિલા પેસેન્જર શારદાબેન હીરાજી બારૈયા રહે. નાના ચિલોડા પણ હતા.તેમને પણ શરીરે નાની મોટી ઈજા પહોંચી હતી. બનાવમાં ઘાયલોને સારવાર માટે અમદાવાદ સિવિલ ખાતે લઈ જવાયા હતા.જયા લોડીંગ રીક્ષા ચાલક રમાકાંત શર્માનું અમદાવાદ સિવિલમાં સારવાર દરમિયાન મૃત્યું નિપજ્યું હતું. અકસ્માતને પગલે મૃતકના કાકા રાજુભાઈ શર્માની ફરીયાદને પગલે પોલીસે આઈસર ગાડીના નંબરના આધારે ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.



પાટનગર ગાંધીનગર એક તરફ સ્માર્ટ સીટી બનવા તરફ અને બીજી તરફ સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છ શહેર બનવા તરફની હોડમાં સામેલ છે પરંતુ સેકટર-૧૬માં પોસ્ટ ઓફિસ પાસેની આ તસવીર જોઈ એવું નથી લાગતું કે આ બંને દિશામાં શહેર કોઈ પણ રીતે અગ્રેસર બની શકે. આડી પડી ગયેલી ખાલી કર્યા વગરની કચરાપેટીમાં દેખાતો પ્લાસ્ટિક સહિતનો કચરો અને તેને ખાતી ગાયો જોઈને સ્વચ્છતા, પર્યાવરણ કે જીવદયામાંથી કોઈ પણ બાબતે શહેરના નાગરિકો કે સફાઈ તંત્ર સ્હેજ પણ ગંભીર હોય તેવું જણાતું નથી તે અત્યંત ચિંતાજનક બાબત છે.

# ગુજરાતમાં લોકસભા ચૂંટણી સમયે ૫૧૩ કરોડનું ડ્રગ્સ, રૂપિયા અને સોનું જપ્ત

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી સમયે ૫૧૩ કરોડ રૂપિયાની કિંમતનું ડ્રગ્સ, રોકડ રકમ અને સોનું જપ્ત કરવામાં આવ્યું છે. ચૂંટણી ખર્ચ માટે નિમાયેલી વિવિધ ટીમો તેમજ રાજ્ય આબકારી વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન કરવામાં આવ્યા હતા.

રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારી ડો એસ મુરલી ક્રિશ્નાએ કહ્યું હતું કે રાજ્યભરમાંથી ૫૬૯૨૫ પરવાનેદાર હથિયાર ધારકો પૈકી ૫૧૯૩૮ હથિયારો પોલીસ સ્ટેશનમાં જમા કરવામાં આવ્યા છે. એ ઉપરાંત તકેદારીના ભાગરૂપે ૫૪૭૫૮ બિન જામીનપાત્ર વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યા છે અને ૨૪૮૮૨૬ લોકો સાથે અટકાયતીના પગલાં લેવામાં આવ્યા છે.

ચૂંટણી પંચ દ્વારા નિમાયેલી ટીમો દ્વારા ૫૦૦ કરોડનું ૧૧૩.૭ કિલોગ્રામ ડ્રગ્સ પકડાયું છે. ૯ કરોડ રૂપિયાનો ૩.૧૪ લાખ લીટર દારૂ પકડાયો છે તેમજ ૩.૭૪ કરોડ રૂપિયા રોકડા અને ૭૯૦૦૦ નું સોનું પકડાયું છે. જપ્ત કરવામાં આવેલી ચીજોની કિંમત ૫૧૩.૫૭ કરોડ રૂપિયા થવા જાય છે. જપ્ત કરાયેલ રોકડ પૈકી આવકવેરા વિભાગે ૩.૫૨ કરોડની રોકડ અને ફ્લાઈંગ સ્કવોડ તથા સ્ટેટીક સર્વેલન્સે ટીમે ૨૨.૦૭ લાખની રોકડ જપ્ત કરેલ છે. જેમા ૪૪.૭૦ લાખ સુરત, ૯૩.૯૧ લાખ વલસાડ, ૧.૬૮ કરોડ અમદાવાદ, ૩૫.૨૧ લાખ નવસારી અને ૩૨.૧૪ લાખ અન્ય જિલ્લામાથી જપ્ત થયેલ રોકડ રકમનો સમાવેશ થાય છે.

## ભરૂચમાં છોટુ વસાવા કોંગ્રેસના સપનાં તોડશે, બેની લડાઈમાં ભાજપને ફાયદો

ગાંધીનગર

ગુજરાતની ભરૂચની બેઠક પર ભાજપ, કોંગ્રેસ અને બીટીપીના નેતાઓ વચ્ચે તીવ્ર સ્પર્ધા થવાની છે. કોંગ્રેસે બીટીપીના છોટુ વસાવાને સમર્થન નહીં આપતાં આ બેઠક પર ત્રિપાંખિયો જંગ થવાનો છે. છોટુ વસાવા કોંગ્રેસના આ બેઠક જીતવાના સપનાં તોડી શકે છે. આ બેઠકમાં ભાજપને મોટો ફાયદો છે.

ભરૂચ લોકસભા બેઠક પર ૧૭ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે. જેમાં ત્રણ મુખ્ય ઉમેદવારો વચ્ચે જંગ છે. ભાજપના મનસુખ વસાવા, કોંગ્રેસના શેરખાન પઠાણ અને બીટીપીના છોટુ વસાવા વચ્ચે ભરૂચમાં ત્રિ-પાંખીયો જંગ થવાનો છે. બીટીપીના છોટુ વસાવા આદિવાસી સમાજ પર મોટું પ્રભુત્વ ધરાવે છે. આદિવાસી મતદારો કોંગ્રેસ અને છોટુ વસાવા વચ્ચે વહેંચાઇ શકે છે.

ભરૂચમાં જો કોંગ્રેસે છોટુ વસાવાને સમર્થન આપ્યું હોત તો આ બેઠક પર ભાજપના મનસુખ વસાવાની હાર નિશ્ચિત હતી પરંતુ કોંગ્રેસે છેલ્લી ઘડીએ ઉમેદવાર ઉભો રાખીને છોટુ વસાવાની જીતમાં મુશ્કેલી વધારી દીધી છે. આ બેઠક કોંગ્રેસ તો જીતી શકે તેમ નથી પરંતુ છોટુ વસાવાની જીતને પણ રોકી છે.

કોંગ્રેસનું બીટીપી સાથે ગઠબંધન ન થતાં છેલ્લે અહેમદ પટેલના નામની વિચારણા ચાલી રહી હતી, પણ અહેમદ પટેલે ચૂંટણી લડવાની ના પાડી દેત કોંગ્રેસે મુસ્લિમ ઉમેદવાર શેરખાન પઠાણને પસંદ કર્યા છે. ભરૂચની બેઠક નવ ટર્મ સુધી ભાજપનો ગઢ રહી છે. આ બેઠકમાં ભાજપના ઉમેદવારને ફાયદો થાય છે પરંતુ આ વખતે છોટુ વસાવાના કારણે ભાજપને બેઠક જીતવામાં મુશ્કેલી હતી.

ભરૂચની બેઠક પર કોંગ્રેસનું શાસન હતું. ત્રણ વખત ચંન્દ્રશેખર ભટ્ટ, બે વખત માનસિંહ રાણા અને ત્રણ વખત અહમદ પટેલ ચૂંટણી જીત્યા છે. ૧૯૮૯માં સ્થિતિ બદલાતાં આ બેઠક પરથી ભાજપના ઉમેદવારો વિજયી બની રહ્યાં છે. ભાજપના ચંદુભાઈ દેશમુખ ભરૂચમાં પાંચ ટર્મ સુધી ચૂંટણી જીત્યા હતા. ભરૂચમાં છેલ્લી બે ચૂંટણીમાં મનસુખ વસાવાને બદલાની વાતો થતી હતી પરંતુ પાર્ટીએ ૨૦૧૯માં પણ મનસુખ વસાવાને ઉમેદવાર બનાવ્યા છે. ભરૂચમાં ૨૮ ટકા મતદારો આદિવાસી છે.

## આચાર સંહિતા ભંગની ૧૦૧ ફરિયાદો

ગુજરાતમાં આચાર સંહિતા ભંગની ૧૦૧ ફરિયાદો મળી છે. જાહેર અને ખાનગી ઈમારતો પરથી ૧૧૭૦૦૦પોસ્ટર્સ અને બેનર્સ દૂર કરવામાં આવ્યા છે. સીવિજીલમાં પંચને ૬૫૦ ફરિયાદો મળી છે. મુરલી ક્રિશ્નાએ કહ્યું કે આચાર સંહિતા ભંગની બે




ફરિયાદોમાં ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીએ કોંગ્રેસ માટે ઉચ્ચારેલા શબ્દોની ગંભીર નોંધ લીધી છે તેમજ ભાજપના વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ સામે પોલીસ ફરિયાદ નોંધવાની કાર્યવાહી શરૂ કરી છે. તેમણે મતદારોને ડરાવીને ધમકાવ્યા હોવાની ફરિયાદ કરવામાં આવી છે. ધારાસભ્યને ચૂંટણી પંચે ત્રણ દિવસમાં જવાબ આપવાની નોટીસ આપી છે.

## ૨૬ બેઠકો માટે ૩૭૧ ઉમેદવારો મેદાનમાં

ગુજરાતમાં ૨૬ બેઠકો માટે કુલ ૫૭૨ ઉમેદવારી પત્રો મળ્યા હતા જે પૈકી ૧૨૦ ઉમેદવારી પત્રો રદ થયા હતા અને ૮૧ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો પાછા ખેંચી લેતાં રાજ્યમાં હવે ૩૭૧ ઉમેદવારો મેદાનમાં રહ્યાં છે. એવી જ રીતે ચાર વિધાનસભાની પેટાચૂંટણીમાં હવે હરીફ ઉમેદવારોની સંખ્યા ૪૫ થવા જાય છે.

## મતદાન અભિયાનનો પ્રારંભ

અમદાવાદ શહેર-જિલ્લામાં અંતિમ મતદાર યાદી મુજબ કુલ ૫૪,૯૫,૮૫૯ મતદાર નોંધાયેલા છે. જેમાં ૧૮-૧૯ વર્ષના કુલ ૧,૦૧,૨૨૭ મતદારો આ લોકસભાની ચૂંટણીમાં પ્રથમ વખત મતદાન કરશે. જેમાં ઘાટલોડિયામાં સૌથી વધુ ૩,૭૬,૧૫૯ મતદાર તો બાપુનગરમાં સૌથી ઓછા ૧,૯૪,૭૨૩ મતદાર નોંધાયા છે. દરમિયાન જિલ્લા ચૂંટણી અધિકારી ડો.વિક્રાંત પાંડે દ્વારા આજથી મતદાન જાગૃતિ ઝુંબેશ હેઠળ વાહનો પર સ્ટીકર લગાવાયાં હતાં અને આ ઝુંબેશનો પ્રારંભ કરાવ્યો હતો. અમદાવાદ જિલ્લા કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી ડો.વિક્રાંત પાંડેએ તમામ નાગરિકોને અચૂક પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા જાહેર અનુરોધ કર્યો હતો અને લોકશાહીમાં મતદાનની પવિત્ર ફરજ આ પ્રસંગે સમજાવી હતી. લોકસભાની આગામી તા.૨૩ એપ્રિલે યોજાનારી ચૂંટણી આડે હવે જ્યારે ગણતરીના દિવસ બાકી રહ્યા છે.

## જાહેરાતો પર નિયંત્રણના આદેશ

રાજકીય પક્ષો, ઉમેદવાર, વ્યકિત, સંગઠન કે સંસ્થા ધ્વારા વિજાણું માધ્યમોમાં રાજકીય પ્રકારની જાહેરાતો પ્રસારિત કરતાં પહેલાં રાજ્ય કે જીલ્લા કક્ષાની મીડીયા સર્ટીફિકેશન એન્ડ મોનીટરીંગ કમિટિ સમક્ષ પૂર્વ મંજૂરી માટે રજૂ કરવાની જોગવાઈ છે, આ પ્રકારની જાહેરાતોમાં પ્રિન્ટ મીડીયાનો સમાવેશ થતો નથી. પરંતુ મતદાનના દિવસે તેમજ મતદાનના આગલા દિવસ રાજકીય પક્ષો, ઉમેદાવારો, કોઈપણ વ્યક્તિ કે સંસ્થા, સંગઠન દ્વારા પ્રિન્ટ મીડીયામાં જાહેરાત આપતાં પહેલાં રાજ્ય કક્ષાની મીડીયા સર્ટીફિકેશન એન્ડ મોનીટરીંગ કમિટિ સમક્ષ તથા ઉમેદવાર પોતે ઉમેદવારની તરફેણમાં કોઈ વ્યકિત, સંસ્થા કે સંગઠને જીલ્લા કક્ષાની મીડીયા સર્ટીફિકેશન એન્ડ મોનીટરીંગ કમિટિ સમક્ષ પૂર્વ મંજૂરી માટે રજૂ કરવાની ચૂંટણી પંચ ધ્વારા સુચના આપવામાં આવી છે.

## એક્ઝીટ પોલ પર પ્રતિબંધ

ભારતના ચૂંટણી આયોગ નવી દિલ્હીના જાહેરનામાથી લોકસભા સામાન્ય ચૂંટણી સંદર્ભમાં મતદાન અંગેના સર્વેક્ષણ (Exit Poll) કરવા અને સર્વેક્ષણના પરિણામો પ્રસિધ્ધ કરવા પર લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૨૬(એ) ની પેટા કલમ-૧ હેઠળ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે, જે પ્રતિબંધનો સમયગાળો ૧૧મી એપ્રિલ થી ૧૯મી મે સુધીનો રહેશે. એ ઉપરાંત મતદાન પુરૂ થવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન મતદાન અંગેના અનુમાનો (Opinion Poll) સહીતની કોઈપણ ચૂંટણી સબંધી બાબત કોઈપણ ઈલેકટ્રોનિકસ માધ્યમો પરથી પ્રસારીત કરવા પર પ્રતિબંધ છે.